This Question Paper contains 7 printed pages.

Seat No.: | | | | | | | |

Sl. No. :

# 022(G)

**(March, 2024)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ અને કુલ 63 પ્રશ્નો છે.
2) જવાબ આપતાં પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ જવાબ આપો.
3) વિભાગની સામે કૌંસમાં લખેલા અંક ગુણ દર્શાવે છે.
4) નવો વિભાગ નવા પાના પરથી જ લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલ પ્રશ્નક્રમાંક 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. દરેકનો 1 ગુણ છે.** **[20]**

1) નીચેનામાંથી કોનો સમાવેશ આલેખના પ્રકારમાં થતો નથી ?
   (A) સ્તંભાલેખ
   (B) આવૃત્તિવક્ર
   (C) આવૃત્તિ બહુકોણ
   (D) ચિત્રાકૃતિ

2) આર્થિક માહિતી અંગેની ડેટા CD કોણ તૈયાર કરે છે ?
   (A) ખાનગી પ્રકાશકો
   (B) શાળાઓ
   (C) પ્રયોગશાળાઓ, સંશોધન કેન્દ્રો, સરકાર વગેરે
   (D) સામાન્ય વ્યક્તિઓ

3) વિકાસ એક બહુપરિમાણીય પ્રક્રિયા છે. આ વિધાન કોણે રજૂ કર્યું છે ?
   (A) ટોડેરો
   (B) કિન્ડલ બર્જર
   (C) માર્શલ
   (D) મેચલપ



https://www.gujaratboardonline.com

4) 2014 માં માનવવિકાસ આંકની દૃષ્ટિએ વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવનાર દેશ કયો હતો ?

(A) જાપાન

(B) નોર્વે

(C) અમેરિકા

(D) ભારત

5) ફુગાવાનાં મુખ્ય કારણ કેટલા છે ?

(A) 1

(B) 2

(C) 3

(D) 4

6) ટૂંકા ગાળાનું ધિરાણ સૈદ્ધાંતિક રીતે કેટલા સમયગાળા માટેનું હોય છે ?

(A) 1 વર્ષ સુધીનું

(B) 1 થી 3 વર્ષ સુધીનું

(C) 1 થી 5 વર્ષ સુધીનું

(D) 5 થી 15 વર્ષ સુધીનું

7) નીચેનામાંથી કોનો સમાવેશ નાણાંકીય નીતિના ગુણાત્મક સાધનમાં થાય છે ?

(A) રેપોરેટ

(B) બેન્કરેટ

(C) રોકડ અનામતનું પ્રમાણ

(D) ભેદભાવ યુક્ત વ્યાજના દર

8) ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રીસર્ચ શહેરીક્ષેત્રે વ્યક્તિની ખોરાકમાં ન્યૂનતમ દૈનિક કેટલી કેલેરી નક્કી કરી છે ?

(A) 2400

(B) 2300

(C) 2200

(D) 2100



https://www.gujaratboardonline.com

9) ભારતમાં વર્ષ 2014-16 ના સમયગાળામાં કુપોષિત વ્યક્તિઓનું ટકાવારી પ્રમાણ કેટલું છે ?

(A) 23.7

(B) 15.2

(C) 11.2

(D) 20.5

10) બેરોજગારીની સમસ્યાના અભ્યાસ અર્થે રચાયેલ સમિતિનું નામ આપો.

(A) રાજકૃષ્ણ

(B) ભગવતી

(C) પ્રો.સુરેશ તેંદુલકર

(D) દાંડેકર અને રથ

11) કયા પ્રકારની ઉત્પાદન પદ્ધતિ બેરોજગારીમાં વધારો કરે છે ?

(A) શ્રમપ્રધાન

(B) મૂડીપ્રધાન

(C) ખેતપ્રધાન

(D) શિક્ષણપ્રધાન

12) સ્વતંત્રતા પછી ભારતમાં સૌપ્રથમ વસ્તી-ગણતરી પત્રક કયા વર્ષમાં તૈયાર થયું ?

(A) ઈ.સ. 1948

(B) ઈ.સ. 1951

(C) ઈ.સ. 1961

(D) ઈ.સ. 1965

13) ભારતના કયા રાજ્યમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ વધારે છે ?

(A) ગુજરાત

(B) મહારાષ્ટ્ર

(C) કેરલ

(D) ઉત્તર પ્રદેશ



https://www.gujaratboardonline.com

14) ભારતમાં કૃષિ-સંશોધન કરતી સંસ્થા કઈ છે ?

(A) ICAR

(B) CIBRC

(C) પ્રાદેશિક ગ્રામીણ બેંકો

(D) RBI

15) આજના સમયમાં વિદેશ વેપારમાં કયું સાધન વધુ ગતિશીલ બન્યું છે ?

(A) મૂડી

(B) શ્રમ

(C) નિયોજન શક્તિ

(D) જમીન

16) લેણદેણની તુલામાં કેટલાં પ્રકાર હોય છે ?

(A) 1

(B) 2

(C) 3

(D) 4

17) અગરબત્તી ઉદ્યોગ એ કયા ઉદ્યોગનું ઉદાહરણ છે ?

(A) ગૃહ ઉદ્યોગ

(B) નાના પાયાનો ઉદ્યોગ

(C) મધ્યમ પાયાનો ઉદ્યોગ

(D) મોટા પાયાનો ઉદ્યોગ

18) વિશિષ્ટ આર્થિક વિસ્તારનો અમલ ભારતમાં ક્યારે થયો ?

(A) 1947

(B) 1991

(C) 2000

(D) 2011

19) 2011 માં આશરે કેટલા % વસ્તી શહેરોમાં રહેતી હતી ?

(A) 20 %

(B) 32 %

(C) 35 %

(D) 25 %



https://www.gujaratboardonline.com

20) ONGC ની સ્થાપના કયા વર્ષમાં કરવામાં આવી હતી ?

(A) 1947 માં

(B) 1951માં

(C) 1955 માં

(D) 1959 માં

## વિભાગ - B

■ નીચે આપેલા પ્રશ્નક્રમાંક 21 થી 30 સુધીના પ્રશ્નોના ઉત્તરો એક-બે વાક્યમાં આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે. [10]

21) વૃત્તાંશ આકૃતિ એટલે શું ?

22) બાળ મૃત્યુ-દર એટલે શું ?

23) રેપોરેટ એટલે શું ?

24) નાણાકીય નીતિનાં ગુણાત્મક સાધનો એટલે શું ?

25) ખેતીક્ષેત્રે ખેડૂતોને પાક નિષ્ફળતાના જોખમથી રક્ષણ આપવા કઇ યોજના શરૂ કરવામાં આવી ?

26) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનામાં કયું સૂત્ર આપવામાં આવ્યું છે ?

27) નાબાર્ડની રચના કયા વર્ષમાં થઇ ?

28) વિકાસલક્ષી આયતો એટલે શું ?

29) નાના પાયાના ઉદ્યોગો કયા પ્રકારની ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરે છે ?

30) ONGC નું પૂર્ણ રૂપ આપો ?

## વિભાગ - C

■ નીચે આપેલા પ્રશ્નક્રમાંક 31 થી 46 સુધીના 16 પ્રશ્નોમાંથી કોઇ પણ 12 પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. દરેક પ્રશ્નના 2 ગુણ છે. [24]

31) આકૃતિ એટલે શું અને તે શા માટે દોરવામાં આવે છે ?

32) કમ્પ્યુટર ટેક્નોલૉજીના ઉપયોગના ભયસ્થાનો જણાવો.

33) રાષ્ટ્રીય આવકના નિર્દેશકની મર્યાદાઓ જણાવો.



https://www.gujaratboardonline.com

34) આર્થિક વિકાસના નિર્દેશકો ક્યા છે ? યાદી આપો.

35) ફુગાવાના લક્ષણો જણાવો.

36) નાણાના પ્રકારો જણાવો.

37) બેંક શબ્દનો ઉદ્ભવ શી રીતે થયો ?

38) RBI નાં નાણાકીય કાર્યો જણાવો. (કોઈપણ ત્રણ)

39) ગરીબીરેખાની મર્યાદા જણાવો.

40) ઘર્ષણજન્ય બેરોજગારીનો અર્થ અને ઉદાહરણ આપો.

41) ભારતમાં શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ વધારે અનુકૂળ છે, સમજાવો.

42) દીનદયાળ ઉપાધ્યાય ગ્રામજ્યોતિ યોજના સમજાવો.

43) વેપારતુલા અને લેણદેણતુલાનો અર્થ આપો.

44) હુંડિયામણનો દર એટલે શું ?

45) ઉત્પાદિત વસ્તુના સ્વરૂપને આધારે ઉદ્યોગોના પ્રકારો સમજાવો.

46) ભારતમાં રેલવે સામેના પડકારો જણાવો. (કોઈપણ ત્રણ)

## વિભાગ - D

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 47 થી 56 સુધીના 10 પ્રશ્નોમાંથી કોઈપણ 07 પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** [21

47) આકૃતિ અને આલેખ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

48) આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસનો તફાવત આપો. (કોઈપણ 6 મુદ્દા )

49) જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક એટલે શું ? તેના ઘટકો સમજાવો.

50) ગરીબીના અન્ય કારણો સમજાવો.

51) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા)ની માહિતી આપો.

52) ઊંચા જન્મદર માટેના કારણોમાં સામાજિક પરિબળો સમજાવો.

53) નીચી ખેત ઉત્પાદકતાના કારણોમાં સંસ્થાકીય પરિબળો સમજાવો. (કોઈપણ ત્રણ મુદ્દા)



https://www.gujaratboardonline.com

54) વિદેશ વેપારના કોઈપણ ત્રણ કારણો સમજાવો.

55) આંતરિક વેપાર અને વિદેશ વેપાર વચ્ચેના તફાવતના ગમે તે ત્રણ મુદ્દા જણાવો.

56) ઉદ્યોગોનું મહત્ત્વ સ્પષ્ટ કરતા ત્રણ મુદ્દા સમજાવો.

## વિભાગ - E

**નીચે આપેલા પ્રશ્નક્રમાંક 57 થી 63 સુધીના 07 પ્રશ્નોમાંથી કોઈપણ 05 પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** [25]

57) સાટા પ્રથાનો અર્થ આપી સાટા પ્રથાની મર્યાદાઓ સમજાવો.

58) ગરીબીના નિર્દેશકો સમજાવો. (કોઈપણ પાંચ)

59) ભારતમાં વસ્તી નિયંત્રણના ઉપાયોની વિગતવાર સમજૂતી આપો.

60) કૃષિક્ષેત્રની ખેત ઉત્પાદકતા વધારવાના ટેક્નોલૉજિકલ સુધારાઓની ચર્ચા કરો.

61) સ્થળાંતર એટલે શું ? સ્થળાંતરના પ્રકારોની સવિસ્તાર ચર્ચા કરો.

62) શહેરીકરણની નકારાત્મક અસરો ચર્ચો.

63) ભારતમાં જન્મદર અને મૃત્યુદરની આપેલી આંકડાકીય માહિતી પરથી પાસ-પાસેની સ્તંભ આકૃતિ દોરી વિશ્લેષણ કરો.

| વર્ષ | જન્મદર (પ્રતિ 1000 વ્યક્તિએ) | મૃત્યુદર (પ્રતિ 1000 વ્યક્તિએ) |
|---|---|---|
| 1951 | 39.9 | 27.4 |
| 2011 | 21.8 | 7.1 |

**નોંધ : અંધજન વિદ્યાર્થિઓ માટે સૂચના :**
**અંધજન વિદ્યાર્થિઓએ માત્ર વિશ્લેષણ કરવું.**

◆◆◆

https://www.gujaratboardonline.com